# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ચાઇનિઝ ફટાકડાના પ્રતિબંધ સાથે દિવાળીના તહેવારોમાં રાત્રિના 8થી 10 દરમિયાન જ ફટાકડા ફોડવા માટેની માર્ગદર્શિકા જાહેર.**
2. **આજથી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનો પંચમહાલના છબનપુરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.**
3. **સાસણગીર ખાતે ગીર જંગલ સફારી માટે પરમીટ બુકીંગમાં છેતરપીંડી કરનાર ત્રણ આરોપીઓની ધરપકડ.**
4. **બેવડી ઋતુના અહેસાસ વચ્ચે 16થી 19 ઓક્ટોબર દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની આગાહી.**
5. **ક્રિકેટમાં વિનુ માંકડ અંડર- 19 ટ્રોફીમાં ગુજરાતે વડોદરાને 8 વિકેટે હરાવ્યું**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CRACKERS GUIDELINES

દિવાળીના તહેવારો આવતાની સાથે ફટાકડાં ફોડવા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા આદેશ અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક પરિપત્ર જાહેર કરાયો છે. જેના અંતર્ગત રાજ્ય સરકારે વિદેશ તેમજ ચાઇનીઝ ફટાકડાની આયાત તેમજ ફોડવા પર પ્રતિબંધ મૂકાયો છે.

એટલું જ નહીં, દિવાળીના તહેવારોમાં રાત્રિના 8 થી 10 દરમિયાન ફટાકડાં ફોડી શકાશે, જ્યારે જાહેર જગ્યાઓ પર ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ લદાયો છે. આવા ફટાકડાંનું ઈ-કોમર્સ વેબસાઈટ પર પણ વેચાણ થઈ શકશે નહીં.

ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટનાં આદેશ મુજબ માન્ય રખાયેલા ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

---

# RAVI KRUSHI MAHOTSAV

વિકાસ સપ્તાહ અંતર્ગત આજે કૃષિ વિકાસ દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યમાં આજથી બે દિવસ “રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫”નો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પંચમહાલના છબનપુરથી આ મહોત્સવનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે, જેમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ સહભાગી થશે. સાંભળીએ એક અહેવાલ...

**(વોઇસ કાસ્ટ : મિત્તલ પટેલ)**

રાજ્યમાં 261 સ્થળોએ જિલ્લા-તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં મંત્રી, સાંસદ અને ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાવશે. મહોત્સવમાં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના 5 લાખથી વધુ લાભાર્થીઓને 600 કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરાશે. બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં આશરે 3 લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે. આ મહોત્સવ નિમિત્તે યોજાનાર કાર્યક્રમોના સ્થળોએ 2800 જેટલા કૃષિલક્ષી પ્રદર્શન સ્ટોલ ઉભા કરાશે.

મિત્તલ પટેલ - પ્રાદેશિક સમાચાર વિભાગ- અમદાવાદ

---

## MAGFALI RATES

મગફળીના ભાવ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરી કે, વર્ષ 2025-26 ટેકાના ભાવે જાહેર કર્યા છે જેના 10 ટકા વધારાના ભાવો આ વર્ષે મળ્યા છે.

તેમણે કહ્યું કે , કેન્દ્ર સરકારે ભાવોમાં વધારો જાહેર કર્યો છે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું કે , મગફળી માટે ટેકાના ભાવે ખરીદી માટે રાજ્યના 9 લાખ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

### બાઇટ- ઋષિકેશ પટેલ, પ્રવક્તા, સરકાર

---

## VIKAS SAPTAH

રાજ્યભરમાં ચાલી રહેલા વિકાસ સપ્તાહની ઊજવણી અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના 27 કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ

તેમજ નાગરિકોને વિવિધ લાભોનું વિતરણ કરાયું . જેમાં એક હજાર 108 આવાસો અને 45 દુકાનોના ડ્રો પણ યોજાયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત શહેરની સફાઈમાં સખત મહેનત કરનાર 4 શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પુરસ્કાર અપાયા હતા. 'વિકાસ સપ્તાહ " અંતર્ગત રાજકોટના જસદણના પોલારપર વિસ્તારમાં "સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" તથા 808 લાખના ખર્ચે "નલ સે જલ" યોજનાનું લોકાર્પણ પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે કરાયું હતું.

અમરેલી જિલ્લાનાં 11 તાલુકાઓમાં "વિકાસ સપ્તાહ" અંતર્ગત બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ' નું આયોજન કરાયું

ડાંગ જિલ્લામાં સુબીર તાલુકાના જન્નેર ગામમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલની ઉપસ્થિતિમાં વિકાસ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

વિકાસ સપ્તાહ અંતર્ગત મોરબીમાં આવતીકાલે 813 લાખના 86 કામોનું ખાતમુહૂર્ત તથા 706 લાખના 93 કામોનું લોકાર્પણ કરાશે.

---

## VIKAS SAPTAH

ગુજરાત સરકાર દ્વારા MY GOV INDIAના સહયોગથી વિકાસ સપ્તાહ ક્વિઝ કોમ્પિટિશન યોજાઇ છે.

આ ક્વિઝમાં વિજેતાને 15 હજાર સુધીના ઈનામનો અપાશે. રાજ્યના ટોચના 10 વિજેતાઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે મુલાકાતની તક મળશે. તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર અપાશે.

9મી ઓક્ટોબરથી શરૂ થયેલી આ સ્પર્ધા આગામી નવમી નવેમ્બર સુધી ચાલશે.

આ સ્પર્ધામાં સહભાગી થવા માટે https://quiz.mygov.in/quiz/vikas-saptah-quiz-2025/

મુખ્યમંત્રીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સૌને આ ક્વિઝમાં ભાગ લેવા અપીલ કરી છે.

---

## GEER SAFARI PEMIT FRAUD

સાસણગીર ખાતે ગીર જંગલ સફારી અને દેવડીયા જીપ્સી સફારી માટે પરમીટ બુકીંગમાં છેતરપીંડી કરનાર ત્રણ આરોપીઓને ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે ઝડપી પાડ્યા છે.

આરોપીઓએ સરકારની વેબસાઇટનો દુરુપયોગ કરી પર્યટકો પાસેથી નક્કી કરેલા ભાવ કરતા વધારે રકમ વસૂલી હતી.

તપાસ દરમિયાન સાસણગીરથી બે અને અમદાવાદથી એક એમ ત્રણ આરોપીઓ ઝડપાયા હોવાનું ગાંધીનગરના સાયબર ક્રાઇમ સેલના પોલીસ અધિક્ષક વિકાસ ભેડાએ જણાવ્યું હતું.

**બાઇટ :વિકાસ ભેડા, એસપી સાયબર ક્રાઇમ**

---

# CHOTAUDEPUR KISHORI MELO

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મલકા પટેલેના અધ્યક્ષ સ્થાને કિશોરી મેળો યોજાયો હતો.

જેમાં મલકાબેન પટેલ જણાવ્યું કે, કિશોરીઓને આપવામાં આવતું પૂર્ણા શક્તિમાંથી વિવિધ વાનગીઓ બનાવી ખાવી જોઈએ જેથી તેમનો યોગ્ય શારીરિક વિકાસ થાય.

## બાઈટ -- મલકાબેન પટેલ,જિલ્લા પંચાયત પ્રમુખ

આ કાર્યક્રમ દરમિયાન મહિલા  અને બાળ વિભાગની વ્હાલી દીકરી યોજના અંતર્ગત મહાનુભાવોના હસ્તે લાભ વિતરણ કરવામાં આવ્યા હતા.

આંગણવાડી કાર્યકર બહેનોએ ટેક હોમ રાશન, મિલેટ્સ, બાળ શક્તિ, પૂર્ણા શક્તિ, માતૃશક્તિનો ઉપયોગ કરી તૈયાર કરેલી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન નિહાળ્યું હતું.

---

# WEATHER

હવામાન વિભાગની આગાહી કરી છે કે આગામી 15 ઓક્ટોબર સુધી રાજ્યમાં બેવડી ઋતુની અસર વર્તાશે જ્યારે  16થી 19 ઓક્ટોબર સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેટલાક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસશે.

કમોસમી માવઠાના મારની અસર દિવાળીમાં રહે તેવી શકયતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ.કે. દાસના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, સુરત, વલસાડ, નવસારીમાં માવઠાની અસર રહેશે. કેટલાક જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેશે.

## બાઇટ- એ કે દાસ , વડા હવામાન વિભાગ

---

# Developed India Buildathon - DIU

**દેશભરની આશરે 140 શાળામાથી દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની વિકાસિતભારત બિલ્ડથોન 2025 કાર્યક્રમ માટે પસંદગી કરાઇ હતી. શિક્ષક રાકેશ મકવાણાએ માહિતી આપતાં જણાવ્યુ કે , આ પ્રોજેક્ટ "સીવીડ-આધારિત પેકેજિંગ" પર છે, જે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી શકે છે.**

(બાઇટ – રાકેશ મકવાણા, શિક્ષક)

**અમદાવાદ તેમજ ગાંધીનગરની પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓ વિકસિત ભારત બિલ્ડાથોન 2025ના કાર્યક્રમમાં વર્ચ્યુયલી જોડાયા હતાં.**

**ઉલ્લેખનીય છે કે , કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગઈકાલે વિકાસિત ભારત બિલ્ડેથોન 2025નું ઉદ્ઘાટન કર્યું હતું. દેશભરની 3 લાખથી વધુ શાળાઓ અને 25 લાખથી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ બિલ્ડેથોનમાં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભર ભારત બનાવવા માટે નવીન વિચારસરણીને પ્રોત્સાહન આપવાનો છે.**

---

# VINU MANKAD TROPHY

વિનુ માંકડ અંડર- 19 ટ્રોફીમાં ગુજરાતે વડોદરાને 8 વિકેટે હરાવ્યું હતું. વિનુ માંકડ અંડર- 19 ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતના બોલર રુદ્ર એન પટેલના તરખાટ સામે બરોડાની ટીમ 25.1 ઓવરમાં 64 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ગુજરાતે બે વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પાર કરીને 8 વિકેટે જીત મેળવી છે.

બીસીસીઆઇ પ્રેરિત વિનુ માંકડ અંડર- 19 ક્રિકેટ ટુર્નામેન્ટમાં એલાઈટ યૂથ લિસ્ટ-એ 2025-26 અંતર્ગત ગઇકાલે લાહલી ખાતે ગુજરાત અને બરોડા વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં બરોડાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી. જ્યારે બરોડા તરફથી કવિર દેસાઇએ 20 રન આપીને એક વિકેટ ઝડપી હતી.

આ મેચમાં ગુજરાતે બરોડાને આઠ વિકેટે હરાવીને ટુર્નામેન્ટમાં સતત બીજી જીત મેળવીને વિજય રથને આગળ ધપાવ્યો છે.

---

# TABLE TENNIS

કચ્છના ગાંધીધામ ખાતે સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો આજથી પ્રારંભ થશે.

18 ઓક્ટોબર સુધી યોજાનાર ગુજરાત રાજ્ય અને આંતર જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં રાજ્યના ટોચના ખેલાડી ધૈર્ય પરમાર, ચિત્રાક્ષ ભટ્ટ, ફ્રેનાઝ છિપીયા, ઓઇશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતીમા કાદરી, અભિલાષ રાવલ, નામના જયસ્વાલ અને જયનિલ મહેતા ભાગ લેશે.

**દેશની આ પ્રથમ એવી સ્પર્ધા છે , જેમાં ટીમ ઇવેન્ટમાં પણ ઇનામી રકમ અપાશે.**

---